ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૫ ટકા

# શહેરના શેરી ગરબામાં નાસ્તાઓની બોલબાલા

## સેવ ખમણી અને ખમણની ડિમાન્ડ સૌથી વધારે : ૨૪૦ રૂપિયે કિલો સેવ ખમણી

ગાંધીનગર, તા.૧૦

ગરબા પછી પેટપૂજા એ નવરાત્રિ દરમિયાન તમામ ખેલૈયાઓનું રૂટિન બની જાય છે. લાંબા સમય સુધી નોનસ્ટોપ ગરબા રમવાથી ભૂખ લાગે છે ત્યારે ખેલૈયાઓ ગરમાગરમ નાસ્તાઓના સ્ટોલમાં જતા હતા. પરંતુ આ વર્ષે માત્ર શેરી ગરબા થવાથી શેરીઓમાં તથા સોસાયટીઓમાં ગરબા સંચાલકો દ્વારા નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરની ફરસાણની દુકાનોમાં વિવિધ પ્રકારના નાસ્તાઓની માંગ જોવા મળી રહી છે. જેમાં ચાટ કચોરી, સેવખમણી, નવતાડ સમોસા, ખમણ, મોટા સમોસા, ફાફડા-જલેબી, સેન્ડવીચ ઢોકળા, પફ, દાબેલી, વડાપાઉં, કચોરી, સેવઉસળ, પકોડા વગેરેની ડિમાન્ડ રહે છે. જેમાં સેવખમણી અને ખમણની ડિમાન્ડ સૌથી વધારે જોવા મળી રહી છે. નવતાડ સમોસા ૧૨ રૂપિયે પર પીસનો ભાવ છે અને સેવ ખમણી ૨૪૦ રૂપિયે



કિલો, સમોસા ૧૫ રૂપિયા પર પીસ, ખમણ ૨૦૦ રૂપિયા કિલોના ભાવે મળી રહ્યા છે.

ગાંધીનગરની પ્રખ્યાત ફરસાણ અને સ્વીટસની દુકાનોમાં ૬૫ ટકા નાસ્તાના ઓર્ડર મળી રહ્યા છે. ફરસાણ અને સ્વીટસની

●●●
નવરાત્રી પર્વ નિમિત્તે અમારી દુકાનમાં ફાફડા-જલેબી, ચાટ કચોરી, સેવ ખમણી, વાટીદાર ખમણ, નવતાડ સમોસા, રગડા પેટીસ, મોટા સમોસાની બોલબાલા છે. જેમાંથી સૌથી વધારે સેવ ખમણીની ડિમાન્ડ જોવા મળી રહી છે. પરંતુ આ વર્ષે કેટરીંગવાળા રસોઈયાઓને વધારે ઓર્ડર મળી રહ્યા છે.

**- ધ્રુવીલ સુખડીયા**
**(વૃંદાવન સ્વીટસ એન્ડ નમકીન)**

●●●
નવરાત્રી પર્વ નિમિત્તે અમારી દુકાનમાં સેન્ડવીચ, ઢોકળા, પફ, દાબેલી, વડાપાઉં, કચોરી, સમોસા, સેવઉસળ, ફાફડા-જલેબી, સેવ ખમણી વગેરે અવનવી વાનગીઓ મળે છે. ૨૦ થી ૩૦ રૂપિયા પર ડિશ નાસ્તાની કિંમત છે. જેમાં સૌથી વધારે સેવખમણીની ડિમાન્ડ ચાલી રહી છે.

**- રાહુલ સુખડીયા**
**(રાધે-રાધે પરિવાર)**

દુકાનદારોના કહેવા મુજબ ૪૦૦ થી ૪૩૦ માણસોના ઓર્ડર કેટરીંગવાળાને મળી રહ્યા છે. તેથી તેમના ધંધા પર આ વર્ષે અસર વર્તાઈ રહી છે. લગ્નગાળા દરમિયાન જમવાના ઓર્ડર લેતા હોય છે તેવા રસોઈયાઓને પાછલા બે વર્ષે ઘણું નુકશાન થયું હતું. નવરાત્રી દરમિયાન આ રસોઈયાઓને વધુ પ્રમાણમાં નાસ્તાના ઓર્ડર મળી રહ્યા છે તેથી આર્થિક રીતે નવરાત્રીમાં રસોઈયાઓને નફો જોવા મળી રહ્યો છે. શેરી અને સોસાયટીઓમાં ગરમાગરમ નાસ્તાની બોલબાલા વધારે જોવા મળી રહી છે. ગરબા રમીને ખેલૈયાઓ માટે ગરમાગરમ નાસ્તાઓનું આયોજન દરેક ગરબા સ્થળો પર કરવામાં આવ્યું છે. જેના માટે ઘરે ઘરે જઈને ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો. નવરાત્રી ફાળામાં ૫૦૦ રૂપિયાથી ૧૦૦૦ રૂપિયા અને અમુક વિસ્તારોમાં ફિકસ ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો. સેકટરોમાં વસાહતીઓની સંખ્યા વધારે હોવાથી તે મુજબના નાસ્તાનું આયોજન કરાતું હોય છે.

નવરાત્રીમાં નાસ્તાના આયોજનનું એક સારું પરિણામ પણ એ જોવા મળે છે કે દરેક કોમના માણસો સાથે મળીને સંપથી ઉત્સાહથી નાસ્તાનો આનંદ માણી શકે છે. સહ પરિવારની જેમ સાથે બેસીને ગરમાગરમ નાસ્તા કરવાનો લ્હાવો માત્ર નવરાત્રી પર્વમાં જ જોવા મળતો હોય છે એ પણ સળંગ નવ દિવસ.

## જન્મદિને વધામણી



**ક્રિપેન (હિરેન) હેમંતભાઈ શ્રીમાળી**
**મો. ૯૭૨૨૬ ૬૧૩૨૯**



**પ્રિતિ ઘનશ્યામભાઈ વાઘેલા**
**મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬**



**શિવાંગી દિનેશભાઈ પટેલ**
**મો. ૮૪૯૦૮ ૩૧૧૬૧**



**પંડ્યા ખુશી રાજેશકુમાર**
**મો. ૮૪૯૦૮ ૩૧૧૬૧**

## પૂજન ડાન્સ એકેડમી દ્વારા નવરાત્રી ગરબાનું આયોજન



ગાંધીનગર, તા.૧૦

પૂજન ડાન્સ એકેડમીના સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જર તરફથી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માં અંબેની આરાધનાની સાથે ૪૦ કલાકારો દ્વારા સ્પેશિયલ ગરબાની કૃતિ રજૂ કરીને બધાને મંત્રમુગ્ધ કર્યા હતા. નાના બાળકો સાથે વડીલો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. બીજેપી કોર્પોરેટર શૈલાબેન ત્રિવેદી, રાજુભાઈ પટેલ, અલ્પાબેન પટેલ તેમજ બીજેપી ટીમ હાજર રહી હતી. આ કાર્યક્રમ સે-૨-ડીના મિત્ર મંડળના સાથ સહકારથી સફળ રહ્યો હતો. જેમાં પૂજન ફાઉન્ડેશનના પ્રમુખ રૂપેશ ગજ્જર તરફથી દરેક કલાકારોને ઈનામ અને ફૂડ પેકેટસ આપવામાં આવ્યા હતા.

# આજે છઠ્ઠું નોરતું, માં કાત્યાયનીની પૂજા આરાધના

## માં જગદંબાના આ સ્વરૂપના પૂજનથી રોગ, શોક, ભય, સંતાપ, સઘળું નષ્ટ થાય છે

ગાંધીનગર, તા.૧૦

શારદીય નવરાત્રીનો આજે છઠ્ઠો દિવસ છે. ત્રીજ-ચોથ તિથિના સંગમથી એક તિથિની ઘટ સાથે નવરાત્રી આઠ દિવસની થઈ છે ત્યારે પાંચ સ્વરૂપોની પૂજા અર્ચના આ ઉત્સવમાં સાધકોએ પૂર્ણ કરી છે અને આજે છઠ્ઠા નોરતે માં કાત્યાયનીની પૂજા આરાધના કરવામાં આવશે. આસોની અજવાળી આ નવલી રાત્રિએ માં આદ્યશકિતનો મહિમા ગાવાનો અને ઉપાસના કરવાનો અનેરો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે.

આજે છઠ્ઠા નોરતે માં કાત્યાયની માતાજીનું પૂજન અર્ચન સાધકો દ્વારા કરવામાં આવશે. ઋષિ કાત્યના ગોત્રમાં વિશ્વ પ્રસિધ્ધ મહર્ષિ કાત્યાયન જન્મ્યા હતા. જેમણે ઘણા વર્ષો



સુધી માં ભગવતીની ઉપાસના કરી હતી અને એમની ઈચ્છાથી માં ભગવતીએ એમના ઘરે પુત્રીના રૂપમાં જન્મ લીધો હતો જેથી તેમનું નામ કાત્યાયયની રાખવામાં આવ્યું હતું. આ માતાજીનું સ્વરૂપ ઘણું જ સરસ, સૌમ્ય અને મોહક છે. આ માતાજીને ચાર ભુજાઓ છે તેમણે એક હાથમાં કમળ ધારણ કરેલા છે. બીજા હાથમાં ચંદ્રહાસા નામક તલવાર ધારણ કરી છે. ત્રીજો અને ચોથો હાથ અભય અને વરદ મુદ્રામાં છે. તેમનું વાહન સિંહ છે. છઠ્ઠા દિવસે આ માતાજીની આરાધના કરવાથી રોગ, શોક, ભય, સંતાપ સળઘું નષ્ટ થાય છે. માતાજીને મધનો પ્રસાદ ધરાવવાનો મહિમા છે. આ દિવસે સાધકનું મન આજ્ઞા ચક્રમાં સ્થિર હોય છે. પુરાણોમાં ઉલ્લેખ છે કે ભગવાન કૃષ્ણને યતિના રૂપમાં મેળવવા માટે ગોપીઓએ માં કાત્યાયનિની પૂજા કાલિન્દી યમુનાના કિનારે કરી હતી. માતાજી બ્રહ્મમંડળની અધિષ્ઠાત્રી દેવીના રૂપમાં પ્રતિષ્ઠિત છે.

શકિત, ભકિત અને ઉપાસનાના આ પર્વમાં માં જગદંબાના વિવિધ સ્વરૂપોની પૂજા અર્ચના કરી તેમને રિઝવીને રિધ્ધિ-સિધ્ધી, સુખ સંપત્તિ, ધન-ધાન્ય, સ્વસ્થ, સ્વાસ્થ્ય, પ્રેમ-શૌર્ય, નીડરતા અને અભય વરદાનના દૃઢ સંકલ્પને માં સમક્ષ મુકી તેને પુર્ણ કરવા થતી માતાજીની આરાધનાનું ખુબ જ મહત્વ રહેલું છે.




શાહપુર પ્રાથમિક શાળા દ્વારા આયોજિત સ્વૈચ્છિક રકતદાન કેમ્પમાં ૫૫ બોટલ રકત એકત્ર કરાયું હતું. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ કેમ્પમાં ભાગ લેનાર તમામ રકતદાતાઓનો આભાર માન્યો હતો. શાળા દ્વારા આયોજિત કેમ્પમાં દાતાઓને પ્રોત્સાહિત કરનાર અને કેમ્પને સફળ બનાવનાર ગામના યુવાનોનો પણ શાળા દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.



સેકટર-૭-બી સ્થિત જગદંબા ચોકમાં નવલી નવરાત્રીના ત્રીજા નોરતે વોર્ડ નં.૧૦ના નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મહેન્દ્રભાઈ પટેલ, પોપટસિંહ ગોહિલ, મીરાબેન પટેલ, તેજલબેન નાયી ઉપસ્થિત રહ્યા હતા. કોર્પોરેટર મિત્રો આદ્યશકિત માં અંબાનો રાજીપો પ્રાપ્ત કરવા સૌ વસાહતી મિત્રો સાથે ગરબે રમવા ઉતર્યા હતા. જગદંબા ચોકની બહેનો-દીકરીઓએ નગરસેવિકા બહેનો સાથે સેલ્ફી લીધી હતી.

## અખબારભવન ખાતે નવચંડી પાઠ હોમ યોજાયો



ગાંધીનગરના સેકટર-૧૧માં અખબારભવન ખાતે નવરાત્રીના પાવન અવસરે આજે નવચંડી પાઠ હોમ યજ્ઞનું આયોજન કરાવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શહેરના પત્રકારો તથા અખબાર ભવન ખાતે કાર્યરત પ્રેસ-મિડીયાના સંચાલકો તેમજ કર્મચારીઓ વગેરે પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા તેમજ હવનમાં આહુતિ અર્પણ કરવા સાથે આયોજિત પ્રસાદ ભોજનનો પણ લાભ લીધો હતો.

## જોઈતીબા કોલેજ કેમ્પસમાં નવરાત્રી ગરબા યોજાયા

જોઈતીબા કોલેજ કેમ્પસની પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ચૌધરી કોમર્સ કોલેજ અને બી.એડ. કોલેજમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ત્રણેય કોલેજની વિદ્યાર્થીની બહેનો અને અધ્યાપક ગણ તેમજ વહીવટી કર્મચારીઓ મન મુકીને ગરબે ઘૂમ્યા હતા. ત્રણેય સંસ્થાના બેસ્ટ ખેલૈયાને પ્રથમ ત્રણ ક્રમાંકે પસંદ કરવામાં આવ્યા હતા. આરતી, પ્રસાદ બાદ નવરાત્રિ પર્વની ઉજવણી રૂપ રાસ ગરબાના આ આયોજન પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, રણછોડભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી, ખજાનચી એમ.એચ. ચૌધરી, કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી, ગાંધીનગર ચૌધરી સેવા મંડળના પ્રમુખ સતિષભાઈ ચૌધરી, ભૂપતભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. એમ.એમ. ચૌધરી અને પ્રકૃતિબેન જોશી, દિનેશભાઈ પટેલના સંયુકત સહયોગથી કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ડૉ. લીના સ્વાદિયા, મુન્નાબેન ચૌધરી, ગીતાબેન ચૌધરી, તારાબેન દેસાઈએ સેવા આપી હતી.

# જયાં સુધી જાણીતા ના બનો ત્યાં સુધી કોઈ તમને મદદ નથી કરતું

## પુત્રની નોકરીના કારણે પાટનગરમાં આવીને વસેલા અને પંચોતેરે પહોંચેલા પ્રકૃતિ પ્રેમી પ્રબુધ્ધ નાગરિકે પોતાના પ્રકૃતિ પ્રેમ થકી આ શહેરને પોતીકું બનાવ્યું : છેલ્લાં ત્રણેક વર્ષમાં ૨૩૦ જેટલાં વૃક્ષોનું વાવેતર કરવાની સેવા આપી ચુકયાં છે




ગાંધીનગર, તા.૧૦

જેને ખરેખર કોઈ પ્રવૃત્તિ કરવી છે તેને ના તો કોઈ વય નડે છે, ના કોઈ ભાષા નડે છે, ના કોઈ સીમાડાં નડે છે કે ના કોઈ પરિસ્થિતિ નડે છે. સમાજમાં અનેક ઉદાહરણો એવાં જોવા મળે છે જેમાં નિવૃત્તિની વયે વ્યકિત અનેક પ્રકારની પ્રવૃત્તિમાં મશગુલ બની સમાજ માટે ઉપયોગી બને છે અને પોતાની નિવૃત્તિને 'નવી પ્રવૃત્તિ'માં રૂપાંતરિત કરે છે. ગાંધીનગરમાં પણ એક ૭૪ વર્ષીય શ્રીકૃષ્ણ કાલકર નામના સજ્જન વસી રહ્યાં છે જેઓ જન્મે મહારાષ્ટ્રીયન છે, વતની મધ્યપ્રદેશના હતા અને હવે પાટનગરને પોતીકું બનાવી પ્રકૃતિના જતનમાં પ્રસંશનીય યોગદાન આપી પ્રેરણાત્મક ઉદાહરણ પ્રસ્તુત કરી રહ્યાં છે.

ભગવાન શ્રીકૃષ્ણને પ્રકૃતિમય પરમેશ્વર તરીકે આપણે સૌ ઓળખીએ છીએ. ગાંધીનગરના ધોળેશ્વર મહાદેવ નજીકના વિસ્તારમાં આવાસ રીવરફ્રન્ટ સોસાયટીમાં રહેતા ૭૪ વર્ષીય શ્રીકૃષ્ણ મધુસૂદન કાલકર એક પ્રકૃતિ પ્રેમી નાગરિક છે. જેઓ છેલ્લાં ત્રણેક વર્ષથી શહેરના વિવિધ સ્થળોએ વૃક્ષોનું વાવેતર કરવા માટે સતત પ્રવૃત્ત રહીને જાણીતાં બની રહ્યાં છે. આમ તો બાળપણથી જ પર્યાવરણ પ્રત્યે લાગણી ધરાવતા શ્રીકૃષ્ણનો જન્મ મહારાષ્ટ્રના જલગાંવમાં અમલનેરમાં થયો હતો પરંતુ માતાની નોકરીના કારણે તેમનો પરિવાર મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં જતાં તેમનું બાળપણ ઉજ્જૈનમાં વીત્યું હતું. તેમની મોટા ભાગની જીંદગી ઉજ્જૈન, ભોપાલ અને ઈન્દોરમાં ગુજરી અને તેઓ મિકેનિકલ એન્જિનીયર થયા બાદ એમપીના વિવિધ ભાગો તથા વડોદરામાં પણ રહ્યાં. તેમના પત્નિ સુરેખા કાલકર સંગીત શિક્ષક હતા અને બે પુત્રો તથા બે દિકરીઓના પરિવારમાં મોટો દિકરો નીરજ કાલકર પણ મુંબઈ ખાતે સંગીતમાં ખૂબ નામના ધરાવે છે. વર્ષ





૨૦૧૧માં શ્રીકૃષ્ણ કાલકરના નાના દિકરા રાજીવને ગાંધીનગર ખાતે ટીસીએસ કંપનીમં મોભાદાર જોબ મળતાં તેઓ પોતાના દિકરા સાથે રહેવા પોતાની નોકરી છોડીને ગાંધીનગર આવી ગયા હતા કેમ કે તે વખતે તેમનો દિકરો કુંવારો હતો તેથી તેને મદદરૂપ થઈ શકાય. આજે બંને પતિ પત્નિ રાજીવના પરિવાર સાથે નિવૃત્ત જીવન ગાળી રહ્યાં છે પરંતુ હંમેશા પ્રવૃત્તિમય રહેલા શ્રીકૃષ્ણજીને કોઈ રચનાત્મક પ્રવૃત્તિવગર ચેન પડતું નહોતું એટલે તેમનામાં રહેલાં પ્રકૃતિ પ્રેમી જીવે તેમની મનગમતી પ્રવૃત્તિ શોધી કાઢી અને પાટનગરને મળ્યાં એક અનોખા પર્યાવરણનું જતન કરતાં 'પ્રબુધ્ધ નાગરિક'.

કોરોના મહામારીનો પ્રારંભ થયો તેના થોડાક સમય પહેલાંથી શ્રીકૃષ્ણ કાલકરે ગાંધીનગરમાં પોતાની સોસાયટીના ગાર્ડનથી શરૂ કરીને આસપાસના વિસ્તારની ખુલ્લી જગ્યામાં તેમજ નવી બની રહેલ સોસાયટીઓના કોમન પ્લોટ અથવા ગાર્ડનમાં જઈને વૃક્ષારોપણ કરવાનું શરૂ કર્યું હતું. આ સાથે તેઓ પક્ષીઓને નિયમિત ચણ નાંખવું, ગાયોને ખવડાવવું તથા વિવિધ સ્થળે રાખેલા પાણીના કુંડાની પક્ષી પરબોમાં જલ સિંચન કરવું તે તેમનો નિત્ય ક્રમ આ પ્રવૃત્તિના કારણે તેમની ઓળખાણ વધતી ગઈ અને નવા મિત્રો મળતાં વૃક્ષારોપણ માટે નવી નવી જગ્યાઓ પણ મળતી ગઈ. વૃક્ષારોપણ માટે તે વન વિભાગની નર્સરીમાંથી છોડ લઈ આવતાં હતા. જેમાં તેઓ વડ, પીપળો, ઉમરો, પારિજાતક, બિલી જેવા આધ્યાત્મિક વૃક્ષોની વધુ પસંદગી કરતા હતા. નિયમિત છોડ લઈ જતા હોવાથી નર્સરીના કર્મચારીઓએ 'તેનો વેપાર તો કરતા નથી ને' તેવી તપાસ પણ કરી લીધી અને વિના મૂલ્યે વૃક્ષારોપણની સેવાથી અવગત થયાં બાદ તેમનો સહકાર પણ વધારી દીધો. શ્રીકૃષ્ણ કાલકરે તેમના મિત્ર બનેલા નિવૃત્ત એરફોર્સ અધિકારીની દિકરી જે સિંચાઈ વિભાગ સાથે સંકળાયેલી છે તેની મદદથી સંત સરોવર ખાતે ૧૭ જેટલાં વૃક્ષો વાવીને ઉછેર્યા છે. આ ઉપરાંત તેમણે સરગાસણના રૂદ્રભૂમિ સ્મશાન, સે-૩૦ના મુકિતધામ સ્મશાન, ધોળેશ્વર મહાદેવ, જુનિયર સિટિઝન કાઉન્સિલ પાસે વગેરે ઉપરાંત ચાંદખેડા પોલીસ સ્ટેશન જેવી જગ્યાઓ પર પણ વૃક્ષારોપણ કર્યું છે. છેલ્લા ત્રણેક વર્ષના ગાળામાં ગાંધીનગરમાં તેઓ ૨૩૦ જેટલાં વૃક્ષો વાવી ચુકયાં છે તે ઉપરાંત મહારાષ્ટ્ર કે મધ્યપ્રદેશ જયાં પણ તક મળી ત્યાં વૃક્ષો વાવી આવ્યાં છે.

હજુ સુધી તેમને કાર ચલાવતાં આવતી ના હોવાથી તેઓ પોતાના સ્કૂટરનો અથવા તો અન્ય કોઈ મિત્ર કે પડોશી જેવા ઓળખીતાની મદદ લઈને વૃક્ષારોપણની સેવા આપવા પહોંચી જાય છે. જો કોઈ સાથે ના આવે તો રીક્ષા કરીને એકલાં પણ પહોંચી જાય. જયાં નવી સોસાયટીનું નિર્માણ થતું હોય ત્યાં બિલ્ડર અથવા રહીશોને મળીને સામેથી વૃક્ષારોપણનો પ્રસ્તાવ મુકે અને ૫૦ વર્ષથી વધુ આયુ ધરાવતા વૃક્ષો જ વાવવાનો આગ્રહ પણ રાખે છે. તેઓ માને કે આ પ્રવૃત્તિને કારણે તેમનું સોશિયલ ગૃપ ખૂબ વધી ગયું અને તેઓ આ પ્રવૃત્તિ પ્રકૃતિ પ્રત્યે સેવાભાવ તેમજ અબોલ પક્ષીઓના વસવાટ માટેના પરમાર્થના હેતુથી જ કરે છે પરંતુ તેમના અનુભવે તેઓ કહે છે કે 'જયાં સુધી તમે જાણીતા ના બનો ત્યાં સુધી કોઈ તમને મદદ નથી કરતું.'

-પ્રતિભાવો આવકાર્ય
samirtalod@gmail.com

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. ભરવાડ પુરીબેન રણુભાઈ,** ઉ.વ. ૫૩, સે-૬, છાપરાં
- **સ્વ. ભરવાડ રણુભાઈ રૂખડભાઈ,** ઉ.વ. ૬૫, વાવોલ
- **સ્વ. વાળા યશરાજ બલરાજ,** ઉ.વ. ૧૮, સરગાસણ
- **સ્વ. કનેરીયા માવજીભાઈ કેશવભાઈ,** ઉ.વ. ૮૦, સરગાસણ
- **સ્વ. રાઠોડ અંદુબા બળદેવસિંહ,** ઉ.વ. ૭૮, દોલારાણા વાસણા
- **સ્વ. વાઘરી વિનોદભાઈ ગોવિંદભાઈ,** ઉ.વ. ૩૧, શિહોલી મોટી
- **સ્વ. પટેલ રેવાભાઈ શિવરામ,** ઉ.વ. ૮૨, માણેકપુર, માણસા